# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩**

**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**


**તા.૦૮/૦૭/૨૦૨૫ મંગળવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૯૨૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૪૨ લીટર દેશી દારૂ, ૩૧૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૦૧૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૬૭૨ બિયર ટીન અને ૦૩ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૧૫ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૫૫,૪૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૯૨૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૯૨૪/૨૦૨૫**

**વસ્ત્રાપુરઃ** દેવેન્દ્રભાઇ લુણકરણભાઇ જૈન (ઉ.વ.૪૩)(રહે. શીવ ટાવર હોટલ કોટયાર્ડ મેરિટ પાસે રામદેવનગર સેટેલાઇટ) એ તા.૦૭/૦૭/૨૦૨૫ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૦૭/૨૦૨૫ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે વસ્ત્રાપુર હિમાલીયા મોલ દુકાન નંબર–૧૧૫ "લેપટોપ હબ" નામની દેવેન્દ્રભાઇ જૈનની દુકાનમા લેપટોપની ખરીદી કરવાના બહાને આવેલ એક પુરૂષ એપલ કંપનીનુ લેપટોપ કિંમત રૂપિયા ૬૭,૦૦૦/– ખરીદ કરી, તેનું પેમેન્ટ ઓનલાઇન "ફોન–પે" મારફતે કરેલ છે તેવો રૂપિયા ટ્રાન્સફર થયેલાનો ફેક મેસેજ દેવેન્દ્રભાઇ જૈનના વોટ્સઅપમાં મોકલી રૂપિયા નહી ચુકવી લેપટોપ લઈ જઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એલ.પટેલ ચલાવે છે.

**ઘરફોડઃ–** **સમાચાર યાદી નં.૯૨૫/૨૦૨૫**

**સાબરમતીઃ** સુમન વા/ઓ જીતુભાઇ રાઠોડ (રહે.છારાનગર કાળીગામ સાબરમતી) એ તા.૦૭/૦૭/૨૦૨૫ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૦૭/૨૦૨૫ સવારના ૧૧/૦૦ થી તા.૦૭/૦૭/૨૦૨૫ ના કલાક ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનમા અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૪૫,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.કે.રાવ ચલાવે છે.

**મંદિરમાંથી ચોરીઃ–** **સમાચાર યાદી નં.૯૨૬/૨૦૨૫**

**ઇસનપુરઃ** હિરેન રમેશભાઇ પટેલ (રહે.મીરલ બંગ્લોઝ, મ્યુનિસિપલ સ્કુલ પાછળ, ઇસનપુર ગામ) એ તા.૦૭/૦૭/૨૦૨૫ ના રોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૬/૦૭/૨૦૨૫ રાતના ૯/૩૦ થી તા.૦૭/૦૭/૨૦૨૫ સવારના ૫/૦૦ વાગ્યા દરમ્યાન ઇસનપુર બસ સ્ટેન્ડ પાસે આવેલ વારાહી માતાના મંદિરના ગર્ભગૃહના દરવાજાનુ તાળું તોડી, અજાણી વ્યક્તિ મંદિરમાં પ્રવેશ કરી, મંદિરના ગર્ભગૃહમાંથી માતાજીની અલગ–અલગ ચાંદીની વસ્તુઓ કુલ કિંમત રૂપિયા ૧,૭૭,૯૦૦/– તથા ધાતુની ખાલી દાનપેટી કિંમત રૂપિયા ૨,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૭૯,૯૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી સી.એલ.રબારી ચલાવે છે.

**રાણીપઃ** સુનીલ ચમનભાઈ રાઠોડ (ઉ.વ.૩૭)(રહે.મગનલાલની ચાલી, મગનપુરા રાણીપ) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૭/૨૦૨૫ બપોરના ૧/૨૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે બાથરૂમના એન્ગલ સાથે રૂમાલ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સુરેશભાઈ કાવજીભાઈ ચલાવે છે.

**શાહપુરઃ** ઈલ્મોદ્દીન ઉર્ફે આસીફ નુરૂદ્દીન શેખ (ઉ.વ.૫૦)(રહે.જુની પોલીસ લાઈન હનુમાન મંદીર પાસે બેલઘરવાડ શાહપુર) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૭/૨૦૨૫ બપોરના ૨/૫૫ વાગ્યાના સુમારે પોતાના મકાનમાં છતની લોખંડની ગડરના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.ટી.ભગોરા ચલાવે છે.

**ખોખરાઃ** હેમેન્દ્રભાઈ લાલજીભાઈ યાદવ (ઉ.વ.૪૦)(રહે.હેપ્પી હોમ્સ સોસાયટી, વિભાગ–૨ આરતીનગરની બાજુમાં ભાઈપુરા ખોખરા) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૭/૨૦૨૫ રાતના ૯/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે બાલ્કનીમાં પંખા સાથે પ્લાસ્ટીકની પાઈપ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી પી.જી.ભુવા ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી